
## જન્મદિને વધામણી



**નિશિત વ્યાસ**
જનરલ સેક્રેટરી
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ કમિટી
મો. ૯૮૨૪૦ ૩૧૯૯૯



**વિનોદ સુંદેશા**
રિપોર્ટર, બી કે ન્યૂઝ ચેનલ
મો. ૯૮૯૮૩ ૧૨૦૭૫



**દિવ્યાંશી**
રણછોડસિંહ રથવી



**ડાહ્યાભાઈ લલ્લુભાઈ પારેખ**
મો. ૯૬૦૧૧ ૫૧૭૪૯

### રાધે-રાધે ગ્રુપ દ્વારા સંસ્કાર તીર્થ, આજોલની વિદ્યાર્થિનીઓને નડાબેટનો પ્રવાસ કરાવાયો

# જવાનો-વિદ્યાર્થિનીઓની સંવેદનશીલ મુલાકાત







ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગરમાં સમાજ સેવાની અનોખી મિસાલ એવા રાધે-રાધે ગ્રુપ દ્વારા એક અનોખો કાર્યક્રમ તાજેતરમાં યોજવામાં આવ્યો હતો.

દેશના વીર જવાનો પ્રત્યે આભારની લાગણી પ્રગટ કરવા, ગરીબ બાળકોને દેશ પ્રેમ તરફ વાળવા અને સાથે સાથે તે દિશામાં માહિતગાર કરવાના હેતુથી શનિવારે આજોલ ગામની સંસ્કાર તીર્થ હાઈસ્કુલની કુલ ૧૧૦ વિદ્યાર્થિઓને 'નડાબેટ : ભારત - પાકિસ્તાન બૉર્ડર પર વીર જવાનો સાથે મુલાકાત કરાવી અને સાથે સાથે વિદ્યાર્થીઓએ વીર જવાનોને આભાર પત્ર અને મોં-મીઠું કરાવ્યું હતું. જેથી ત્યાંનું વાતાવરણ ખુશખુશાલ થઈ ગયું હતું.

ગૃપ દ્વારા બે લક્ઝરી બસ પર પણ અમુક સુવિચાર, અંદર ફુગ્ગા, અને બહારથી દેશ ભક્તિની થીમ પર આખી બસ સજાવી ત્યાં લઈ જવામાં આવી હતી. જેથી ત્યાંના વીર જવાનો અને બાળકોમાં ખુશીનો માહોલ સર્જાયો હતો. પ્રવાસી બાળકોને સવારનો નાસ્તો, બપોર અને સાંજનું ભોજન પણ ગૃપ દ્વારા પીરસવામાં આવ્યું હતું. જે વીર જવાનો પોતાનો પરિવાર છોડીને દેશ ની રક્ષા કરે છે, તેમને સન્માન આપવાનો અને 'થેંક્સ' કહેવાનો વિદ્યાર્થિનીઓએ નાનો પ્રયાસ કર્યો હતો. સંસ્કાર તીર્થ હાઈસ્કૂલનાં આચાર્ય અંજનાબેન પટેલ અને ટ્રસ્ટી-શિક્ષક પરિવારે આ પ્રવાસ માટે વિદ્યાર્થિનીઓને પ્રોત્સાહિત કરી હતી.

સમગ્ર પ્રવાસને સફળ બનાવવા ગાંધીનગરના ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડા, પારૂલ અત્તરવાલા, જે. સી. પટેલ, સુરેશ પટેલ, શુભલક્ષ્મી ડેકોરેશનના વિક્રમભાઈ પટેલ, રાજગોર વિકાસ, વૃંદાવન સ્વીટ, રાધે સ્વીટ, લક્ષ્મી બેકરી, ફુડ એન્ડ ડ્રગ્સ કન્ઝ્યુમર વેલ્ફેર કમિટીનો ખુબ જ સારો સાથ સહકાર મળ્યો હતો.

સમગ્ર પ્રવાસની અદ્ભૂત ફોટોગ્રાફી જીગ્નેશ ધોરીયાણી દ્વારા કરવામાં આવી હતી, કાર્યક્રમનું સફળ સંચાલન અને આયોજન રાધે રાધે ગ્રુપના યુવાન તન્મય પટેલ, રાહુલ સુખડીયા, સુરજ મુંજાણી, ઉમંગ પટેલ, મિત કોયાણી, રજત જોષી, પ્રકાશ ચૌધરી, પ્રિયંકા પટેલ અને કિનલ સુખડીયા દ્વારા કરવામાં આવ્યું હતું. આ ઉમદા કાર્ય માટે 'જય વિહત ટ્રાવેલ્સ, ચરાડા'ના ટીનાભાઈ ચૌધરી અને ભાવેશભાઈ લીંબાચીયાએ પોતાનો સહકાર પૂરો પાડ્યો હતો.

## એસ. જી. ઈંગ્લિશ મીડિયમ પ્રાઈમરી સ્કૂલના શિક્ષકો ગણિતના વર્કશોપમાં જોડાયા



શનિવારે યોજાયેલા ગણિત વિષયના વર્કશોપમાં એસ .જી .ઈંગ્લિશ મીડિયમ પ્રાઈમરી સ્કૂલના શિક્ષક દર્શિતાબેન તેમજ પૂરણભાઈએ હાજરી આપી હતી. આ વર્કશોપમાં ગણિત વિષયને કેવી રીતે સરળતાથી ભણાવી શકાય તે વિવિધ પ્રવૃતિ દ્વારા સમજાવવામાં આવ્યું હતું.

# સરદાર પટેલ વિદ્યામંદિર વિવિધ રમતોમાં ઝળક્યું



ગાંધીનગર, તા. ૧૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદિર, સૅક્ટર-૭ના વિદ્યાર્થીઓએ શાળાકીય અને ખેલ મહાકુંભ રમતોત્સવમાં કબડ્ડી, ઍથ્લેટિક્સ, ખો-ખોની રમતમાં ઝોન, તાલુકા અને જિલ્લાકક્ષાએ વિજય પ્રાપ્ત કર્યો છે. ખો-ખોની ટીમ રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામી છે ઉપરાંત પ્રદીપ સોલંકી કબડ્ડીની રાષ્ટ્રકક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામ્યા છે.

આચાર્ય વનિતાબેન બુટાણી, વ્યાયામ શિક્ષક રૂબિનાબેન પઠાણ અને કો-ઓર્ડિનેટર ડી ઍન વાટલિયા દ્વારા વિજેતા ખેલાડીઓને બિરદાવી અભિનંદન સહ શુભકામનાઓ પાઠવવામાં આવી છે.



નડિયાદની ઈટીએસ સીબીએસઈ સ્કૂલ દ્વારા ધો. ૧ અને ૨ના વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરાયું હતું, જે નિમિત્તે નાનાં બાળકોને મિશન રોડ સ્થિત ચર્ચ, ગુરુદ્વારા તેમજ બધિર વિદ્યાવિહારની મુલાકાત કરાવવામાં આવી હતી. શિક્ષકો પણ આ મુલાકાત દરમિયાન બાળકો સાથે જોડાયા હતા.

# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા વનવાસી વિસ્તારમાં સેવાકાર્ય






શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા વનવાસી વિસ્તારની ૪ શાળાઓમાં વિદ્યાર્થીઓને સ્વેટરનું વિતરણ કરવામાં આવ્યું હતું. અરવલ્લી જિલ્લાના અંતરિયાળ વિસ્તારમાં ગંભીરપુરા, બાવળીયા, પાલ, બોલિન્દ્રા નવી વસાહત તથા નવલપુર શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને આ સેવાકાર્યમાં સાંકળી લેવામાં આવ્યા હતા.

આ સાથે વેણપુર અને ભવાનપુરમાં વિદ્યાર્થીઓને નાસ્તો ભેટ ધરવામાં આવ્યો હતો. બાવળીયા તથા પાલમાં વિદ્યાર્થીઓને 'ચેતક કે સ્વર'માંથી ૩ દેશભક્તિ ગીતો તૈયાર કરાવવામાં આવ્યાં હતાં. ઉપરાંત મોડાસા તાલુકાના છાત્રેશ્વરી ગામમાં ૩૫ લાભાર્થીઓને ચોખા, મગ, ચા, ચાદર જેવી ૧૦ ઉપયોગી વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. સંસ્થા પરિવારના અક્ષતે પોતાનો જન્મદિવસ આ સેવાકીય પ્રવૃત્તિ કરીને ઉજવ્યો હતો. શ્રુતિબેન ગુપ્તે, મિલિંદભાઈ અને ભીમજીભાઈ પણ તેમની સાથે આ સેવાકાર્યમાં જોડાયા હતા.



શ્રી સ્વામિનારાયણ મંદિર, મણિનગર ખાતે ધનુર્માસ પ્રારંભે વિવિધ પ્રકારનાં ફળો, જ્યુસના અન્નકૂટનું આયોજન કરવામાં આવ્યું હતું.




ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શ્રી બાબુભાઈ જશભાઈ પટેલની ૧૬મી પૂણ્યતિથિ નિમિત્તે આર્શીવાદ એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ તથા બાબુભાઈ જશભાઈ પટેલ સ્મારક ટ્રસ્ટ, નડિયાદના સંયુક્ત ઉપક્રમે નિશુલ્ક વિવિધ રોગોના નિદાન કેમ્પનું આયોજન રવિવારના રોજ નડિયાદ મુકામે કરવામાં આવ્યુ હતુ. જેમાં ૫૬૪ વ્યક્તિઓનું નિદાન કરવામાં આવ્યું હતું. ઓર્થોપેડિકના ૧૦૧, ચામડીના ૮૩, હ્દયરોગના ૧૪, આંખ-કાન-ગળાના ૪૬, ગાયનોકોલોજીના ૨૨, છાતીના દર્દોના ૭૦ તથા ડાયબીટીસના ૨૧૮ દર્દીઓનો આમાં સમાવેશ થાય છે. આ પ્રસંગે બાબુભાઈ જશભાઈ પટેલ સ્મારક ટ્રસ્ટના અધ્યક્ષ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી દિનશા પટેલ અને આર્શીવાદ એજ્યુકેશન ટ્રસ્ટના પ્રેસિડન્ટ સી. એ. આર. એસ. પટેલે ખાસ હાજરી આપી હતી.

આ મેડિકલ નિદાન કેમ્પ કે. ડી. હોસ્પિટલ, નડિયાદના સહકારથી યોજવામાં આવ્યો હતો.

# અનુભૂતિનું અમૃત : ગાંધીકથા


**॥ ૫૮મો મણકો ॥**

બે ખડ્ગો આવી ગયા છે, એક માટે ઉપવાસ ચાલુ રાખવાની જરૂર નથી. ખડ્ગથી નાળિયેર વધેરીને એ નાળિયેરનું પાણી પીને ઉપવાસ છોડ્યા.

ગાંધીની સેનાના આ ત્રીજા સાથીની શાંતિ માટેની પદ્ધતિ. તપસ્યા દ્વારા શાંતિ, નિર્ભયતા-સેવા-તપસ્યા દ્વારા શાંતિ.

ગાંધીજીની સાથે બંગાળી ભાષા જાણનારા તરીકે જરા વિદ્વાન માણસ હતા. કલકત્તા યુનિ.ના એન્થ્રોપોલોજીના અધ્યાપક પ્રો. નિર્મળકુમાર બોઝ, જે પછીથી તો દિલ્હીમાં ઘણા ઊંચા હોદ્દા પર રહેલા. ગાંધીજીએ એમની સાથે ફરવા માંડ્યું. પણ ગાંધીજીએ એક કામ બીજું પણ શરૂ કર્યું હતું. મને બંગાળી શીખવાડો. ૩૦મી જાન્યુ, ૧૯૪૮ને દિવસે સાંજે ગાંધીજી ગુજરી ગયા તે દિવસે સવારે પ્રાર્થના પછી તેમણે પોતાનો બંગાળીનો પાઠ કર્યો હતો. છેવટના દિવસ સુધી એ બંગાળી શીખતા રહ્યા. એ માણસને ભણવા માટે કોઈ ઉંમર મોટી નહોતી લાગતી.

થોડા દિવસ પછી ટાઈપિસ્ટ ચાલ્યો ગયેલો.



થોડા દિવસ પછી મનુબહેન ગાંધી - એમના પિત્રાઈ ભત્રીજાની દીકરી. એમની પાસે આવી. નિર્ભયતા ને સત્યની શરત સાથે એને રાખી. મનુબહેને ગાંધીએ ડાયરી લખી, ગાંધીજીએ એ તપાસી છે અને ક્યાંક તો તેને સહી કરીને અધિકૃત પણ કરી છે. કાચી ખરી, છોકરી ૧૬-૧૭ વર્ષની, એની ડાયરી મહાદેવભાઈની ડાયરી સાથે સરખાવવા જેવી નહીં, પણ મહાદેવભાઈની ડાયરીમાં ગાંધીજીની સહી નહોતી, જ્યારે આમાં ગાંધીજીની સહી હતી. એ રીતે એનું મૂલ્ય વધારે ગણાય.

150 ગાંધીયાત્રા

એમાં એણે જૂદી જૂદી વાતો લખેલી, જેમાં લખ્યું હતું, આવ્યા ત્યારથી પ્રાર્થના કરવામાં ગીતો એ ગાય. આ લોકોના જેવું સંગીત નહીં. એને આવડે એવું ગાય. પણ ગાંધીજી કેટલાક ગીતો વારંવાર ગવડાવે. નોઆખલીમાં ગયા પછી વારંવાર 'જ્યારે દીવો ના ધરે કોઈ.....' ગવડાવે. રવિન્દ્રનાથ ટાગોરનું 'એખલા ચલો' કોઈકવાર ગુજરાતીમાં, કોઈકવાર બંગાળીમાં ગવડાવે.

ગાંધીજીને માટેનો મંત્ર 'એકલો જાને રે....' મનુબેનની એક ચોપડીનું શિર્ષક.

નખાય એટલાં વિઘ્નો નાખવાના પ્રયત્નો થયા. જાણવા મળ્યા મુજબ એ પ્રયત્નોનું મૂળ કલકત્તામાં. જિલ્લાની રાજધાનીમાં. અને ત્યાંથી સૂત્રો આવે, આને મદદ ના કરાય, અગવડ પડી શકે. પોસ્ટરો લાગી ગયા. અહીં શું બેઠા છો ? બિહાર જાઓ. અહીં શું કરો છો ? પાછા જાઓ. આવાં સૂત્રો લખાયાં. પત્રિકાઓ આવે એમાં પણ આમ લખાય. રસ્તામાં નાના નાના પુલ, કોઈ કોઈ જગ્યાએ તો એક ઝાડ પરથી પસાર થવાનું હોય, વાંસના બે બાંબુનો પુલ હોય. કેટલીક જગ્યાએ પુલની નીચેના થાંભલાને તોડવામાં આવ્યા કે ડોસો એમ કરતાંય પડે. પણ એટલા બધા હલકા વજનનો હતો કે તૂટ્યો નહીં પુલ. એ પસાર તો થઈ જાય, પછી મનુબહેન આગળ જઈને રોકે, બાપુ ઊભા રહો. બહુ ગંદકી છે. એટલે છાણ નાખવામાં આવ્યું હોય. આપણે ગાંધીનગરમાં તો છાણ નાખવું ન પડો, હોય જ. પણ અહીં નાખેલું. અને છાણ નાખવામાં આવેલું હોય એટલું જ નહીં, પણ મનુષ્યની પણ વિષ્ટા પણ નાખવામાં આવી હોય. કે માણસ આનાથી પણ કંટાળીને જતો હોય. સૂકાયેલાં શણ ભેગાં કર એનું બનાવીએ ઝાડુ, ઝાડુ લઈને સાફ કરવા લાગી ગયો. એને તો એનો ધંધો મળી ગયો. હવે આ ગંદકી કરનારા એ ગામના તો હોય નહીં.

૧૯૪૨માં રેલના પાટા જે ગામ પાસેથી તૂટ્યા હોય તે ગામને સામુહિક દંડ થતો. ભલે ગામના લોકોએ એમાં ભાગ જ ન લીધો હોય. પણ દંડ થાય.

અહીં ગામલોકોએ ઝાડુ લીધું અને સાથે ભળ્યા. આમ કરતાં કરતાં એ યાત્રા કરે છે. આ યાત્રા માટે નીકળ્યા ત્યારે કલકત્તામાં ગાંધીજીને એક કાગળ મળ્યો. આપણા કોઈ એક ડાહ્યા ગુજરાતીએ લખેલો. આવું ડહાપણ આપણા ગુજરાતીઓને જ હોય. તમે નોઆખલી જાઓ છો ત્યાં તમે ઉપવાસ કરજો. ગાંધીજીને ઉપવાસ કરવાની સલાહ આપવાનું ડહાપણ તો આપણે જ કરી શકીએને ?

એ પહેલાં ૨૮ વખત જાહેર કામો માટે ઉપવાસ કરી ચૂક્યા હતા. ભાઈ, અત્યાર સુધી જે ઉપવાસ કર્યા છે એમાં કોઈની સલાહ લઈને કોઈ દહાડો ઉપવાસ કર્યા નથી. મને અંતરથી સૂઝશે તો હું કરીશ. પણ ઉપવાસ કરતાં લગીરે ઓછી એવી તપસ્યા એમણે કરી નહોતી. કારણ કે એમણે ખોરાક ઘટાડી દીધો હતો અને દિવસની કુલ ૬૦૦ કેલરી અન્ન એ લેતા હતા. નોર્મલ માણસને બે હજારથી અઢી હજાર કેલરી જોઈએ, આ ૬૦૦ કેલરી પર નભતા હતા અને દિવસનું ૧૬ કલાકનું કામ. (ક્રમશઃ)



સૌજન્ય : કુંતલ નિમાવત સંપાદિત પુસ્તક 'ગાંધીકથા'
કથાકાર : સ્વ. શ્રી નારાયણ દેસાઈ